# પ્રોજેક્ટ અહેવાલ

## આગવી ટેકનોલોજી અંગે અહેવાલ

## કેસ-1

(1) જે ટેકનોલોજીનું મુલ્યાંકન કાર્ય હાથ ધરવાનું છે તેનું વિવરણઃ ∩ પધ્ધતિ (અંગ્રેજી) ઉલ્ટા U પધ્ધતિ તરીકે પણ ઓળખાય છે.

(2) ટેકનોલોજી અંગે જ્યાં મુલ્યાંકન કાર્ય હાથ ધરવામાં આવેલ છે તે વિસ્તાર – ગ્રામ વરલી, જિલ્લો ભુજ, (ગુજરાત) ભારત

(3) કેટલી વ્યક્તિ પર આ મુલ્યાંકન કાર્યનો સર્વે હાથ ધરવામાં આવેલ છે તે સંખ્યા – 2500

(4) આ મુલ્યાંકન સર્વે ક્યારથી શરુ કરવામાં આવ્યો – વર્ષ – 2005

(5) ટેકનોલોજીની ડીઝાઇન – આયોજન – કોના દ્વારા તૈયાર કરવામાં આવ્યું ? તથા તેનું અમલીકરણ / બાંધકામ / કે રુપરેખા કોના દ્વારા તૈયાર કરવામાં આવી

15 સભ્યોની બનેલ સમીતી જેમાં નીચેની વ્યક્તિઓનો સમાવેશ થાય છે. (11 પુરુષો તથા 4 સ્ત્રીઓ)

આ સમિતિ પાણી સમીતી તરીકે ઓળખાય છે.

1. શ્રી જયંતિભાઇ આહિર
2. શ્રી બાબુભાઇ મકવાણા
3. શ્રી મેમાભાઇ કામજીભાઇ
4. શ્રી કાનાભાઇ (પુર્વ પ્રમુખ)
5. શ્રી વેલજીભાઇ
6. શ્રી પુંજાભાઇ બીછાવાડા
7. શ્રી હેમંતગર ભાઇગોસ્વામી
8. શ્રી ગોવિંદ મેમા
9. શ્રી કેશુભાઇ માલવા
10. શ્રી સરજનરંગ રબારી
11. શ્રી બાબુભાઇ બાલવા

12. શ્રીમતી મોગીબેન લાખુ

13. શ્રી જયશ્રીબેન જશભાઇ

14. શ્રી નીરુબેન

15. શ્રી ફરિદાબેન

આ પંદર પૈકીના પ્રથમ ચાર સભ્યોએ આ અભિયાનના પ્રણેતા તથા સંસ્થાપક છે.

(6) હાલમાં આ અભિયાન / કામગીરી નું સંચાલન કોના હસ્તક છે ?
 - પાણી સમિતિ પાસે

(7) આ ટેકનોલોજીના અમલીકરણ દ્વારા કોઇ પ્રકારનાર માપદંડ કે ચોક્કસ ધોરણ ઉભા કરવાનો આશય છે ? જોહોય તો જણાવો

(8) સ્વચ્છ ભુગર્ભજળ તમામ ગ્રામવાસીઓને સમાન રીતે પુરુ પાડવા માટે

(9) આ કાર્ય અંગેના તથા દૈનિક સારસંભાળ અંગેના કોઇ ડેટા કે માહિતી ઉપલબ્ધ છે ખરી ? - હા

(પ્રત્યેક ઘર દીઠ દૈનિક 500 લીટર જેટવા સ્વચ્છ પાણીનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે. આ વિસ્તારમાં, પાણીની ગુણવત્તા હંમેશા શ્રેષ્ઠ રહેલ છે. અહીં ટેકનોલોજીના વિકાસ અને ઉપયોગનો આરાય તમામ ગ્રામવાસીઓને પાણીની સમાન વહેંચણી કરવાનો છે. કારણકે, અસંતુલિત ભુગર્ભ રચનાના કારણે, અહીં સ્વચ્છ પાણીની પ્રાપ્તિને લઇને હંમેશા વિવિધ મુદાઓ સર્જાતા રહ્યા છે. પરંતુ પાણીની ગુણવત્તા હંમેશા સારી જ રહી છે તે અંગે આ વિસ્તારમાં કોઇ પ્રશ્ન નથી.

પ્રશ્ન-9 વિકાસ કાર્ય હાથ ધરવા સંસદ કરવામાં આવેલ આ ટેકનોલોજીનો ઉદભવ તથા વિકાસ અંગે ટુંકમાં માહિતી આપો.

આ પ્રદેશનો ભૌગોલિક વિસ્તાર અસમાંતર છે ક્યાંક તે ટેકરીઓ વાળો અને પથરાળ ભાગ છે. તો ક્યાંક નીચાણવાળો ભાગ છે. તેના કારણે આ સ્થળ પર, ઉપરના વિસ્તારોમાં પાણી સરળતાથી પહોંચી શકતુ નથી. ઉપરાતં આ વિસ્તારમાં કોઇ નહેર પણ ઉપલબ્ધ નથી. સરકાર દ્વારા, 30 વર્ષ પહેલા ઉપરના વિસ્તારમાં દબાણથી પાણી આપી શકાય તે માટે, એક ઉંચી ઉભી ટાંકીનું બાંધકામ કરવામાં

આવેલ છે. પરંતુ અહીંની અસમાન ભૃપૃષ્ઠ રચનાના કારણે, ઉપરના ભાગમાં ઝડપથી અંગે દબાણથી પાણી મળી રહેતું નથી. અને તેનો મુખ્ય આધાર એ માત્ર પાણીની પ્રવાહના દબાણ પર જ રહેતો આથી, બે નીચાણવાળા વિસ્તારમાં એકાદ નળ પણ ખોલવામાં આવે તો ઉંચાણવાળા ભાગમાં પાણીનો પ્રવાહ ઘટી જતો અથવા બંધ થઇ જતો. આથી આ મુદાને લઇને પાણી આપવાની બાબતે વારંવાર ઝગડા થતા.

આથી આ રોજબરોજની પરેશાની અને ઝગડાથી મુક્તિ મેળવવા માટે ગ્રામવાસીઓ દ્વારા આશરે 6 વર્ષ પહેલા, એક મિટીંગનું આયોજન કરવામાં આવ્યું. અને આ કામમાં ચારેક જેટલા સક્રિય કાર્યકર્તાઓનો લઇને આ પ્રશ્નનું સમાધાન શોધવા માટે એકે સમિતિ પાણી સમિતિ, રચવામાં આવી આ સમિતિમાં શ્રી જયંતિભાઇ આહિર, બાબુભાઇ, વેલજીભાઇ, તથા મેમાભાઇનો સમાવેશ થાય છે અને બાબુભાઇએ હાલમાં આ સમિતિના પ્રમુખ છે. આ સમિતિ દ્વારા યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા માટે નાણાંકીય સમસ્યા અને સહાયતા મેળવવા વેસ્મો (વોટર એનું એસિટેશન મેનેજમેન્ટ, ઓર્ગોનાઇઝેશન, ગુજરાતીનો સંપર્ક સાધ્યો અને રજુ કરવામાં આવેલ પ્રોજેક્ટ અંગે, વેસ્મો સાથે લાંબી ચર્ચા વિચારણા હાથ ધર્યા બાદ, તેઓ નાણાંકીય સહાયતા પુરા પાડવા તૈયાર થયા જેમાં 90% જેટલા ખર્ચનો હિસ્સો વેસ્મોમાં ભાગે તથા બાકીના 10% જેટલો ખર્ચ, એ ગ્રામવાસીઓ દ્વારા લોકફાળો દ્વારા ભોગવવાનો રહેશે જેવી વ્યવસ્થા નક્કી થઇ. લોકફાળો એકતા કરવા માટે પ્રત્યેક ઘર દીઠ રૂ. 100 ઉઘરાવવામાં આવ્યા અન સધ્ધર આર્થિક સ્થિતિ ધરાવનાર વ્યક્તિઓએ વધુ ફાળો પણ નોંધાવ્યો.

આ પ્રોજેક્ટ વર્ષ 2005 થી ઉપયોગમાં ચાલુ છે. તે અંગેનો સૌ પ્રથમ વિચાર દોઢેક વર્ષ અગાઉ આવ્યો હશે.

આ વિચાર વ્યક્તિઓના અનુભવ અને કોઠાસુઝથી તૈયાર થયો તેમાં, પાણીની ટાંકી, સૌથી વધુ ઉંચાઇ ધરાવતા સ્થળ પર રાખવાનું નિશ્ચિત કરવામાં આવ્યુ કે જેથી કોઇ વીજવપરાશ વિના, દબાણથી પાણી પહોંચાડી શકાયતો સાથે, દિવાલની ઉંચાઇ માપવા માટે પાણીની પાઇપ દ્વારા અંદાજ મેળવવામાં આવતો,

આ પધ્ધતિ હાલમાં પણ ઉપયોગમાં લેવાય છે. આ બંન્ને પ્રયોગના આધારે સમજી પ્રોજેક્ટને પધ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે.

આ પધ્ધતિએ કે પરંપરાગત કે જુની પધ્ધતિમાં ફેરફાર કે સુધારો વધારો નહીં પરંતુ સંપુર્ણપણે નવીન સર્જન છે. અને આ નવીન વિચાર એ ગ્રામજનોની વ્યાપક ચર્ચા, મુલાકાત દ્વારા અસ્તિત્વમાં આવેલે. તે અંગે વાસ્મો, ના અધિકારીઓ સાથે પણ ચર્ચા કરવામાં આવી. પાણી આપૂર્તિનું ક્ષેત્ર વર્ષ 2005 માં તદન નવીન વ્યવસ્થાથી તૈયાર થયું. તથા હાલમાં પણ પાણી પહોંચાડવાની એકમાત્ર વ્યવસ્થા છે જે અવિરત કાર્યરત છે. તેમાં કેટલાક સુધારા વધારા, કરવાની પણ જરુરીયાત ઉભી થઈ નથી. પરંતુ ગ્રામજનો દ્વારા આ સાથે ગંદા પાણીના નિકાલ માટે કોઇ આયોજન હાથ ધરવા પ્રયત્નો ચોક્કસ કરવામાં આવેલ છે.

(10) અગાઉથી નિર્ધારિત કરવામાં આવેલ આ ટેકનોલોજીના પ્રત્યક્ષ ફાયદાઓ જણાવો પ્રત્યેક ઘરમાં સ્વચ્છ પીવાના પાણીનું વિતરણ

(11) ટેકનોલોજી અંગે સંક્ષિપ્ત રુપરેખા જળસ્ત્રોત્ - ભુગર્ભજળ

ટેકનીકલ પ્રક્રિયા : સીધુ વિતરણ

પાણી વિતરણ વ્યવસ્થાની સમિતિ દ્વારા, સમગ્ર ગામમાં ઉલ્યા છે. પધ્ધતિથી સમાન પાણી પહોંચાડવાનું નિશ્ચિત કરવામાં આવ્યુ. આ માટે ગામની સીમમાં 150 મીટર દુર બોરની નજીક એક પાણીની ટાંકીનું બાંધકામ કરવામાં આવ્યું. અને તે ઉંચાણ પર હોવાથી વીજવપરાશ વિના પણ દબાણથી પાણી પહોંચાડી શકે છે. અહી દિવાલની ઉંચાઇનું માપ લેવા પાણીની ટ્યુબનો પ્રયોગ કરવામાં આવ્યો જે હાલમાં પણ વપરાશમાં છે. તેથી આ બે પ્રક્રિયાઓ, લાગુ પાડવામાં ઉંધા યુ જેવુ કાર્ય થાય છે. એક મોટી યુ આકારની પાણીની નળી, એ ગામની નજીક ગોઠવવામાં આવી અને તેની સાથે અન્ય આજ આકારની ત્રણ ટ્યુબ જોડવામાં આવી. આ અન્ય વિભાગની ટયુબએ શેરીના ખુણામાં ગોઠવાઇ કે જે પ્રત્યેક વિસ્તારની ઉંચાઇના આધારે તેની ઉંચાઇ રહેતી. હવે જે વિસ્તારમાં પાણીનો

પૂરવઠો ચાલુ કરવાનો હોય તે, મુખ્ય ∩ ટ્યુબ કે જે ગામની બહાર ગોઠવાયેલ છે ત્યાંથી ચાલુ બંધ થઇ શકતી, આ પ્રમાણે પ્રત્યેક વિસ્તારની ∩ ટ્યુબ એ જે તે વિસ્તારની ઉંચાઇ સુધી પાણી લઇ અને તમામ ઘરોમાં દબાણથી પાણી પુરૂ પાડી શકે. આ માટે પ્રત્યેક શેરીમાં સૌથી ઉંચામાં ઉંચુ સ્થળ કે ઘર નક્કી કરી તેની ઉંચાઇ માપી તે શેરીની ∩ ટ્યુબની ઉંચાઇ તેનાથી વધુ રહે જેવી વ્યવસ્થા થઇ. આ જ પ્રમાણે હાલમાં, સમગ્ર ગામમાં, જુદા જુદા સ્થળે, અલગ – અલગ ઉંચાઇની 25 જેટલી ∩ ટ્યુબ છે. અને પ્રત્યેક ઘરને સરળતાથી સમાન પાણી મળી રહે છે.

## <u>ગ્રામવાસીઓ દ્વારા આ ટેકનોલોજી અંગેના અભિપ્રાયો/ સૂચનો</u>

| ક્રમ | ઉપભોક્તા સમૂહ | પરિણામો/સૂચનો |
|---|---|---|
| 1 | શ્રી પુંજાભાઇ બીછાવાડા (50 વર્ષ) | હાલમાં ગામમાં પાણીઓ કોઇ મળી નથી અત્યારે તો પાણીની સુવિધા છે પણ જ્યારે કમિટી ન હતી ત્યારે પીવાનું તો દુર, કપડા ધોવાના અને સ્નાન કરવાના પાણી માટે પણ પ્રોબ્લેમ સહન કરી રહ્યા હતા. |
| 2 | શ્રી હેરત કુંભાર (40 વર્ષ) ∩ ટ્યુબ નં. – 13 | વરલી પાણી સમિતિ અમારા સૌના માટે લાભદાયી છે અને તેનાથી અમારા ગામના પાણીના પ્રશ્નોનું નિરાકરણ થયેલ છે. |
| 3 | શ્રી મેમાભાઇ રામજીભાઇ આહિર (45 વર્ષ)<br>પ્રમુખ – પાણી સમિતિ | આ ટેકનોલોજીની સૌથી શ્રેષ્ઠ બાબત એ છે કે સૌથી ઉંચાઇના ભાગોમાં પણ પાણી મળી રહે છે તેના કારણે, સમાનતાથી પાણી પુરવઠો મળી રહે છે અને લોકોમાં સુધરાઇ વ્યવસ્થા પણ પોતાની આયસુઝથી ઉભી કરવા માટે એક આત્મવિશ્વાસ ઉભો થયો છે. |

| | | |
|---|---|---|
| 4 | શ્રી જશુબેન સુરુભાઇ રબારી (55 વર્ષ) ∩ ટ્યુબ નં. 17 | હાલમાં અમેનુ સ્વચ્છ અને પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે છે. |
| 5 | શ્રી પ્રભાતભાઇ (48 વર્ષ) ∩ ટ્યુબ નં – 3 | વરલી પાણી સમિતિ દ્વારા અમારા પાણી અંગેના પ્રશ્નો દુર થઇ ગયા છે અને હવે સૌ કોઇ સ્વચ્છ પીવાનું પાણી મેળવી શકે છે. |
| 6 | શ્રી હેમંતગર ગોસ્વામી (40 વર્ષ) ∩ ટ્યુબ નં. 23 | અગાઉ અમારે પાણી સંબંધીત અનેક પ્રશ્નો હતા પરંતુ હાલમાં તો બધુ જ બરાબર અને પાણી સમિતિના કારણે અમે સ્વચ્છ અને સારુ પાણી મેળવી શક્યા છીએ. |
| 7 | કુવેરાબેન ભુરા (60 વર્ષ) ∩ ટ્યુબ નં – 18 | શરુઆતમાં તેમણે જણાવ્યુ કે તેઓ પાણી ઓછા દબાણથી આવતું હોવાથી ખુશ નથી. અને અમે આ રજુઆત પાણી સમિતિ સમક્ષ કરી તો તેઓએ તપાસ કરતા જાણ્યું કે તેમની નળના ઉંચાઇ વધુ હોવાથી દબાણ ઓછુ મળે છે પરંતુ હવે તેઓ ખુશ છે. અમારી પાણીના પ્રશ્નો દુર રકવા માટે આ પાણી સમિતીના આભારી છીએ. કમીટીના કારણે અમારા પ્રશ્નો ખતમ થઇ ગયા છે. |
| 8 | શ્રી ગોવિંદ ક્રિશ્નન (50 વર્ષ) | પાણી સમિતિની રચના પહેલાં અમારા ગામમાં પાણીને લઇને અનેક પ્રશ્નો ઉભા થતા હતા જે હવે દુર થઇ ગયેલ છે. |
| 9 | શ્રી ગોવિંદ સાવક (38 વર્ષ) ∩ ટ્યુબ નં. 4 | (1) ગામમાં પાણી સમીતીના કારણે પાણી મળતું થયું છે અને |

| | | |
|---|---|---|
| | | પાણીની અછત દુર થયેલ છે. અને તેથી હવે, પાણીના કારણે થતા ઝગડા પણ બંધ થયા છે.<br>(2) પાણી સમિતિ દ્વારા ઘર ઉપરાંત, સાર્વજનિક સ્થળો જેવા કે, મંદિર, મસ્જિદ તેમજ વિવિધ સમાજની વાડી જેવા સ્થળોએ પણ પીવાનું શુધ્ધ પાણી પુરુ પાડે છે.<br>(3) ઉપરાંત ગ્રામવાસીઓને વૃક્ષારોપણ માટે પણ પાણી સમિતિ દ્વારા પાણી પુરુ પાડવામાં આવે છે. |
| 10 | શ્રી વેલજીભાઇ (37 વર્ષ) ∩ ટ્યુબ નં – 9 | પાણી સમિતિ દ્વારા ગામના પાણીને લગતા તમામ પ્રશ્નોનો અંત આવેલ છે. |
| 11 | શ્રી બાબુભાઇ મકવાણા (50 વર્ષ) ∩ ટ્યુબ નં – 25 | સંતોષજનક છે. |
| 12 | શ્રી એલીઆસ સિદિકી (33 વર્ષ) ∩ ટ્યુબ નં 4 | સંતોષકારક છે. |
| 13 | શ્રી મજરામભાઇ ચાવલા (88 વર્ષ) | સંતોષકારક છે. |
| 14 | શ્રી જયંતિભાઇ આહિર ∩ ટ્યુબ નં – 16 ( 35 વર્ષ) | આ ટેકનોલોજીના કારણે સમગ્ર ગામમાં સારી પધ્ધતિથી પાણી મળી રહ્યુ છે. ઉપરાંત પાણી પણ શુધ્ધ કે વળી સમયસર મળી રહેવાના કારણે ગ્રામવાસીઓના સમય પણ બચે છે ઉપરાંત તે ખુબ જ સરળ પધ્ધતિ છે. પહેલા તો ભાઇ બહેનો પાણી પીવાથી |

| | | |
|---|---|---|
| | | બિમાર પડતા હતા. પરંતુ કમિટિના કારણે બિમારી કમ થઇ ગઇ છે. |
| 15 | શ્રી દેવાત જૈસત મકવાણા (65 વર્ષ) | સંતોષકારક છે. |
| 16 | શ્રી બેચુભાઇ બિચાલભાઇ ચાવડા ( 60 વર્ષ) | સંતોષજનક છે. |
| 17 | શ્રી મેઘાર ભિમાભાઇ મકવાણા (52 વર્ષ) | સંતોષજનક છે. |
| 18 | શ્રી હુસૈન અહેમદ (60 વર્ષ) | સંતોષજનક છે. |
| 19 | શ્રી પાંચા હીરા રબારી (38 વર્ષ) | આ ટેકનોલોજીના કારણે અમને ઘણા બધા ફાયદા થયા છે જેમકે<br>(1) સમયની બચત<br>(2) સ્વચ્છતા<br>(3) બધાને એકસરખું તેમજ નિયમિત એક જ સમયે પાણીની પ્રાપ્તિ |
| 20 | શ્રી પુરીબેન હીરા રબારી (62 વર્ષ) ∩ ટ્યુબ નં. 24 | સંતોષજનક છે. |
| 21 | શ્રીમતી જીવીબેન ભીમાભાઇ બાઘરી (35 વર્ષ) | લોકોને હવે પાણીની કિંમત સમજાય છે અને તેથી પાણીનો બગાડ થતો અટકે છે એ એક મોટી સિધ્ધિ છે. |

<u>**તબક્કો – 2 – મુલ્યાંકન**</u>

મુલાકાતની તારીખ – 26 ઓગષ્ટ થી સપ્ટેમ્બર 1 -2008 મુલાકાત લેનાર નિષ્ણાંતનું નામ – ડો. સુબુધ કુમાર બિશ્નોઇ

જે લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવેલ છે તે ઉપયોગી તથા સિધ્ધ થાય છે કે નહીં તે અંગેની પ્રાથમિક તપાસના તારણો

| નિર્ધારિત ફાયદાઓ | સૂચકાંક | માપનની પધ્ધતિ |
|---|---|---|
| વીજ બચત ( આ પધ્ધતિમાં આખા ગામમાં પાણી પુરુ પાડવા માટે 9 કલાક જેટલો સમય વીજ વપરાશ રહે છે અગાઉ 18 કલાક વીજળી ચાલુ રહેતી હતી આથી 9 કલાક જેટલો વીજવપરાશની સીધી જ બચત થાય છે. | પાણી પુરુ પાડવામાં ઓછો સમય લાગે છે (આ કાર્ય માટે સરકાર દ્વારા મફત વીજળી પુરી પાડવામાં આવતી હોવાથી વીજવપરાશ માટેના કોઇ મીટર મુકેલ નથી પરંતુ, અગાઉ મોટર વપરાશ કરતા ઘણો ઓછો સમય મોટર વપરાશ ચાલુ રહે છે. | |
| પ્રત્યેક ઘરમાં એકમસાન પાણીનું વિતરણ | પાણીની આપત્તિ વખતે પાણીના પ્રવાહનો વેગ (1-4) | પ્રત્યેક ઘરમાં 10 લીટરની ડોલ ભરવા માટે લાગતો સમય |
| ટેકનીકલ રીતે કાર્ય સંચાલન | પાછલા 4 વર્ષથી આ પધ્ધતિથી કાર્ય સંચાલન | નિષ્ણાત દ્વારા મુલાકાત |
| સ્થાનિક સમુદાય દ્વારા સ્વીકૃતિ | લોકોને કાયમી ધોરણે કેટલો પાણી પુરવઠો મળે છે અથવા ક્યારેય મળ્યો નથી | |
| **સંયુક્ત ફાયદા** | **સૂચકાંક** | **મૂલ્યાંકનની પધ્ધતિ** |
| કૌટુંબિક સ્વાસ્થ્યમાં સુધારો | પાણીની ઉત્તમ ગુણવત્તાના કારણે પાણીજન્ય રોગોમાં ઘટાડો | |
| ગ્રામજનો વચ્ચે | | |

| | | |
|---|---|---|
| પાણીના મુદ્દે થતી સમસ્યાઓમાં ઘટાડો | | |
| ભુગર્ભજળમાં વધારો થતો હોવાથી પર્યાવરણલક્ષી | લગભગ 15 વર્ષ પૂર્વે આ વિસ્તારમાં ભુગર્ભજળ 60 ફુટ જેટલું નીચે હતું. | |
| | ત્યારબાદ દરેક બે થી ત્રણ વર્ષે ગામમાં પુરતા પ્રમાણમાં પાણી પુરુ પાડવા માટે બોર વધુ 15 થી 20 ફુટ ઉંડી ખોદવામાં આવતા હતા તેના કારણે ભુગર્ભજળ સ્તર 350 ફુટ જેટલું નીચે ગયું કે જેથી કોઇ જ ફાયદો થતો નહીં. પરંતુ ત્યારબાદ ∩ ટ્યુબની પધ્ધતિ અપનાવ્યા બાદ બોર વધુ ઉંડા ઉતારવાની સ્થિતિ ક્યારેય સર્જાઇ નથી અને હાલમાં ભુગર્ભજળ સપાટી 200 ફુટ જેટલી લાવી શક્યા છીએ. | |

## 2. મુલ્યાંકનના પરિણામો

| નિર્ધારિત ફાયદાઓ | સૂચકાંક | સિધ્ધ થાય છે હા / ના | સૂચનો (સુચકાંકનો ઉપયોગ કરીને સૂચનો |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| | | | **રજુ કરેલ છે** |
| પ્રત્યેક ઘર માટે એક સમાન પાણીની આપૂર્તિ | | હા | પ્રત્યેક ઘર માટે 10 લિટરની ડોલ ભરવા માટે 1 મિનિટ જેટલો સમય થાય છે. |
| ટેકનીકલ રીતે કાર્ય સંચાલન | હા | | કેટલાક પાઇપમાં ભંગાત પડવાના બનાવો સિવાય આ પધ્ધતિ ઘણી જ શ્રેષ્ઠ રીતે કામગીરી બજાવી રહેલ છે. |
| સ્થાનિક સમુદાય દ્વારા સ્વીકૃત્તિ | હા | | ઉપયોગકર્તાઓ આ પધ્ધતિ સાથે જ મુખ્યત્વે સંકળાયેલ છે અને તેઓ તેનાથી ખુશ છે. |
| જળ સંગ્રહ | | હા | અગાઉ લગભગ 18 કલાક સુધી પાણી ચાલુ રાખવુ પડતુ હતું જે હાલમાં 9 કલાક જેટલા સમય સુધી ચાલુ રાખવુ પડે છે. |
| ઉર્જા બચત કરી આપતી પધ્ધતિ | | હા | હાલમાં આ પધ્ધતિના વપરાશ અંગે કોઇ વીજબીલ ઉપલબ્ધ નથી કારણકે સરકાર દ્વારા તે મફત પુરી પાડવાના આવે છે પરંતુ અગાઉ 18 કલાકની સરખામણીમાં હાલમાં 9 કલાક વીજ |

| | | | |
|---|---|---|---|
| | | | વપરાશ ચાલુ રહે છે. |
| મચ્છરોના ઉપદ્રવમાં ઘટાડો | | હા | |

<u>ઉપભોક્તાઓના વિચારોની સારણી</u>

વ્યક્તિગત મુલાકાત અન સમૂહ ચર્ચા આધારિત વિવરણ પ્રશ્નો

(1) શ્રી પુંજાભાઇ બિછાવાડા ( 50 વર્ષ)

| | | |
|---|---|---|
| (1) | શું આમ આ ટેકનોલોજી થી ખુશ છે ? જો હા તો કેમ અને ના તો શા માટે ? જણાવો | અગાઉ, પાણી સમિતિની રચના પૂર્વે અમારા પીવાના પાણીની પણ અછત રહેતી અને અનેક સમસ્યાઓ રહેતી. ઘરવપરાશના, કપડા ધોવાના કે ન્હાવાના પાણીની પણ તંગી રહેતી આથી આ ટેકનોલોજી અમારા માટે આશીર્વાદરુપ છે. |
| (2) | શું આમ નિયમિતપણ ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છો ? | હા |
| (3) | આ ટેકનોલોજીના ઉપયોગ સામે આપને વાંધાજનક કે અવરોધક કોઇ પરિણામ છે ? | ના |
| (4) | આ ટેકનોલોજીમાં એવી કોઇ બાબત છે કે જે તમને પસંદ ન હોય અને તેમાં કોઇ ફેરફાર ઇચ્છતા હોય તો જાવો | અમે હવે, ઇચ્છીએ છીએ કે ગામમાં યોગ્ય સુધરાઇ તંત્ર વિકસાવવામાં આવે અને સંપૂર્ણ સ્વચ્છતા જાળવવામાં આવે |
| (5) | શું આપને આ કિંમતની સામે | હા |

| | | |
|---|---|---|
| | યોગ્ય વપરાશ મળી રહે છે ખરું ? | |
| (6) | આ સેવાના કોઇ દુરુપયોગ અંગે આમને કોઇ ફરિયાદ ? કે જાણ છે ? | કોઇ માહિતી નથી. |

ઉપયોગકર્તા – 2 શ્રી હરેન કુંભાર (40 વર્ષ) ∩ ટ્યુબ નં – 13

| | |
|---|---|
| પ્ર-1 | આ યોજના ગામના તમામ લોકો માટે લાભદાયી છે અને, સમગ્ર ગામની પાણીની સમસ્યા તેનાથી દુર થયેલ છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | વેરલી પાણી સમિતી અમારા માટે ખુબ જ લાભદાયી છે અને તેનાથી અમારા ગામની પાણીની સમસ્યાનું નિરાકરણ થયેલ છે. |
| પ્ર-5 | આ યોજનામાં તમામને એક સમાન લાભ અને એકસમાન પાણી મળે છે અને તે માટે મ ાસિક રુ. 5 જેટલો ખર્ચ આવે છે જે ખુબ જ વ્યાજબી છે. |
| પ્ર-6 | ના |

## ઉપયોગકર્તા – 3

શ્રી મેમાભાઇ રામજીભાઇ આહીર (45 વર્ષ)

પ્રમુખ પાણી સમિતિ

| | |
|---|---|
| પ્ર-1 | આ પરિયાજનોની સૌથી સારી બાબત એ છે કે ઉંચાઇ પર રહગેલા સ્થળ પર પણ એક જ સરખા દબાણથી પાણી પહોંચાડી શકાય છે. તેનાથી સમાનતાની સ્થિતિ સર્જાયેલ છે અને લોકો માટે આપ બંને કોઇ નવીન કાર્ય છે કે સહકાર દ્વારા સુધરાઇ અંગે આયોજન ઉબુ કરવા પણ આત્મવિશ્વાસ વધ્યો છે. |

| | |
|---|---|
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | અમે ગંદા પાણીનો ઉપયોગ ખેતીવાડીના કામ માટે થઇ શકે તેવા પર્યાય અંગે વિચારી રહ્યા છીએ અને તે માટે, એક ચેકડેમ બાંધી ગંદા પાણીને સ્વચ્છ બનાવવા અંગે આયોજન હાથ ધરવા માંગીએ છીએ. |
| પ્ર-5 | આ યોજના દ્વારા તમામને ફાયદો થાય છે. |
| પ્ર-6 | પાણીના દુરુપયોગ અંગે જો જાણકારી થશે, તો પ્રમુખ હોવાના નાતે હું જણાવવા માંગુ છુ કે, તે વ્યક્તિને પ્રથમ નોટીસ આપવામાં આવશે અને તે પછી જો તેનો દુરુપયોગ ચાલુ રહે તો તેનું જોડાણ કાપી નાંખવામાં આવશે. જોડાણ પુન ચાલુ કરાવવા ઇચ્છતા વ્યક્તિઓ પાસેથી તથા દુરુપયોગ કરનાર વ્યક્તિ પાસેથી વધુ રકમ ઉઘરાવી તેને પુન જોડાણ પુરુ પાડવામાં આવશે. |

ઉપયોગકર્તા – 4 – શ્રીમતી જશુબેન સુરુભાઇ રબારી (55 વર્ષ) ∩ ટ્યુબ નં – 17

| | |
|---|---|
| પ્ર-1 | હું માત્ર મારી સગવડના કારણે નહીં પરંતુ સમગ્ર ગામમાં પ્રાપ્ત થયેલ સગવડ માટે ખુશ છું. અને આ એક અદભુત વ્યવસ્થા છે. સ્રીઓને તેનાથી ઘણો ફાયદો થયેલ છે અમે, કેટલાક વર્ષો પૂર્વે, માથે બેડા ભરીને, દુરથી પીવાનું પાણી લાવતા હતા. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | જો આ પરિયોજનાનું આયોજન થોડું વહેલા થયું હોત તો અમને સ્રીઓને ઘણી જ રાહત થાત. |
| પ્ર-5 | હા |
| પ્ર-6 | ના |

ઉપયોગકર્તા – 5 – પ્રભાતભાઇ (48 વર્ષ) ∩ ટ્યુબ નં - 3

| | |
|---|---|
| પ્ર-1 | વરલી પાણી સમિતિ એ પાણીના પ્રશ્નોનું નિરાકરણ લાવી દીધેલ છે અને તમામ લાકો હાલમાં સ્વચ્છ પીવાનું પાણી મેળવી રહ્યા છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | આ સફળતા બાદ અન્ય સહકારી કામો માટે પણ પ્રયત્નો કરવા જોઇએ |
| પ્ર-5 | આ આયોજનમાં ભાગે પડતા ખર્ચ બધાના માટે, વ્યાજબી અને ઉપયોગી છે. |
| પ્ર-6 | ના |

ઉપયોગકર્તા – 6  શ્રી હેમંતગર ગોસ્વામી (40 વર્ષ) ∩ ટ્યુબ નં – 23

| | |
|---|---|
| પ્ર-1 | વધુને વધુ ગ્રામવાસીઓએ આ યોજનાનો લાભ લેવો જોઇએ |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | આ એક દ્રષ્ટાંતરુપ સફળતા છે |
| પ્ર-5 | તમામ લોકોને એક સમાન પાણી પુરવઠો પ્રાપ્ત થાય છે જે આ આયોજનની સૌથી અગત્યની સિધ્ધિ ગણી શકાય છે. |
| પ્ર-6 | ના |

ઉપયોગકર્તા – 7 શ્રીમતી કુવેરબેન ભુરા – 60 વર્ષ ∩ ટ્યુબ નં. 18

| | |
|---|---|
| પ્ર-1 | પાણી સમિતિએ અમારા પ્રશ્નોનો ઉકેલ લાવી દીધો છે. આથી અને તેના આભારી છીએ હવે અમને નિયમિત પણે પુરતુ પાણી મળી રહે છે. કમીટીના કારણે અમારા પ્રોબ્લેમ્સ ખતમ થઇ ગયા છે. |
| પ્ર-2 | હા |

| | |
|---|---|
| પ્ર-3 | ના |
| પ્ર-4 | શરુઆતમાં તેમણે જણાવ્યું છે કે પાણી પુરતુ દબાણથી આવતું નથી અને અમે આ અંગે સમિતિ સમક્ષ રજુઆત કરી, તપાસ બાદ જણાયું છે કે તેમણે પોતાનો નળ ∩ ટ્યુબના સ્તરથી ઉપર રાખેલ હતો. આ ટેકનીકલ ખામી દુર થઇ ગયા બાદ તેઓ હવે ખુશ છે. |
| પ્ર-5 | હા |
| પ્ર-6 | ના |

ઉપયોગકર્તા – 8 – શ્રી ગોવિંદભાઇ ક્રિશ્નન (50 વર્ષ)

| | |
|---|---|
| પ્ર-1 | આ યોજના ગ્રામવાસીઓ માટે અત્યંત લાભદાયી છે અને તેના દ્વારા અમારી પાણીને લગતી કાયમી સમસ્યાનું નિવારણ મળે છે. વળી તેનાથી પર્યાવરણમાં પણ કોઇ અસંતુલિત સર્જાતું નથી. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | અન્ય ગામડાઓ દ્વારા પણ આવી યોજનાઓ શરુ કરવી જોઇએ |
| પ્ર-5 | હા |
| પ્ર-6 | આ વ્યવસ્થામાં કેટલાક દુરુપયોગ ના બનાવો પણ બન્યા છે અને પ્રથમ વખત ગુનો આચરનારને નોટીસ આપવામાં આવે છે અને જો તેમ છતાં તે ન માને અન ફરી ફરીને તેનો દુરુપયોગ ચાલુ રાખે તો દંડ ફટકારવાની પણ જોગવાઇ છે અને છેલ્લા પગલારુપે તેવી વ્યક્તિનું પાણીનું જોડાણ કામમાં આવશે. |

ઉપયોગકર્તા – 9 શ્રી વિનોદ પી. સવાડ (38 વર્ષ)

| | |
|---|---|
| પ્ર-1 | 1. અમારા ગામમાં પાણી સમિતિના કારણે પર્યાપ્ત માત્રામાં પાણી મળી રહ્યુ છે અને, અમારી પાણી અંગેની સમસ્યા દુર થઇ ગયેલ છે. તેના કારણે વારંવાર થતા ઝગડા નિવારી શકાય છે. |

| | |
|---|---|
| | 2. પાણી સમિતિ, ઘર ઉપરાંત કેટલાક સાર્વજનિક સ્થળો કેમકે, મંદિર મસ્જિદ કે જ્ઞાતિ – સમાજની વાડી જેવા સ્થળોએ પણ પાણી પુરુ પાડે છે.<br>3. ગ્રામજનો દ્વારા કરવામાં આવતા વૃક્ષારોપણ માટે પણ પાણી સમિતિ પાણી પુરુ પાડે છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | આ સફળતાથી પ્રેરાઇને ગ્રામજનો દ્વારા, લોકોને લાભદાયી રહે તેવા અન્ય આયોજનો હાથ ધરવા જોઇએ. |
| પ્ર-5 | હા તેની કિંમત તદન વ્યાજબી છે. |
| પ્ર-6 | ના |

ઉપયોગકર્તા – 10 – શ્રી વેલજીભાઇ (37 વર્ષ) ∩ ટ્યુબ નં - 9

| | |
|---|---|
| પ્ર-1 | હા, હાલમાં તમામ ગ્રામજનો સ્વચ્છ અને સમયસર તેમજ પર્યાપ્ત માત્રામાં પીવાનું પાણી મેળવી રહ્યા છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | આ આયોજન એકદમ શ્રેષ્ઠ ગણી શકાય |
| પ્ર-5 | પાણીની આટલી વ્યવસ્થિત પ્રાપ્તિની સામે તેની કિંમત તમામના માટે વ્યાજબી છે. |
| પ્ર-6 | તેના કોઇ પ્રકારના દુરુપયોગ અંગે જાણકારી નથી. |

ઉપયોગકર્તા – 11 – શ્રી બાબુભાઇ મકવાણા (50 વર્ષ) ∩ ટ્યુબ નં - 25

| | |
|---|---|
| પ્ર-1 | લોકો દ્વારા શરુ કરવામાં આવેલ આ અભિયાનથી અત્યંત ખુશ છું. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | ના આ આયોજન એકદમ શ્રેષ્ઠ છે. |

| | |
|---|---|
| પ્ર-5 | હા તમામ ગ્રામજનોન એકસમાન પુરવઠો પ્રાપ્ત થાય છે. |
| પ્ર-6 | આ અંગે કોઇ માહીતી નથી. |

ઉપયોગકર્તા નં – 12 – શ્રી એલિયાસ સિદિક (33 વર્ષ) - ∩ ટ્યુબ નં -1

| | |
|---|---|
| પ્ર-1 | આ આયોજન સમગ્ર ગ્રામવાસીઓ માટે લાભદાયી છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | મારા મતે આ શરુઆત બાદ વધુ મોટા આયોજનો હાથ ધરી શકાશે |
| પ્ર-5 | આ પધ્ધતિથી પ્રત્યેક વ્યક્તિને એકસમાન પુરવઠો મળી રહે છે. અને તે માટે પ્રતિમાસ 5 રુ જેટલી રકમ એ તદન વ્યાજબી છે. |
| પ્ર-6 | હાલમાં તેમાં કોઇ દુરુપયોગ અંગે જાણ નથી પરંતુ જે, તેવો કોઇ કિસ્સો બને તો તેના માટે પણ જોગવાઇ રાખેલ છે. |

ઉપભોક્તા નં – 13 શ્રી મજરામભાઇ ચાવલા (88 વર્ષ)

| | |
|---|---|
| પ્ર-1 | હા |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | આ અમારી સમસ્યાનો સર્વશ્રેષ્ઠ ઉકેલ છે |
| પ્ર-5 | તમામ ગ્રામજનોને તેનાથી યોગ્ય પુરવઠો મળી રહે છે. |
| પ્ર-6 | કોઇ માહિતી નથી. |

ઉપભોક્તા નં – 14  - શ્રી જયંતિભાઇ આહિર (35 વર્ષ) ∩ ટ્યુબ નં - 16

| | |
|---|---|
| પ્ર-1 | આ ટેકનોલોજીના ઉપયોગ બાદ આખા ગામમાં યોગ્ય રીતે પાણી પુરવઠો મળી રહે છે અને આ પાણી નિયમિત સમયસર અને યોગ્ય માત્રામાં તેમજ શુધ્ધ હોય છે. વળી તેની ટેકનોલોજી એકદમ સરળ |

| | |
|---|---|
| | છે. પહેલાનો પાણી પીવાથી બિમાર પડતા હતા પણ પાણી કમિટીની કારણે બિમારી કમ થઇ ગઇ છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | હવે આપણે ગ્રામજનોના સ્વસ્થ અને આરોગ્ય અંગે કોઇ આયોજન હાથ ધરવું જોઇએ |
| પ્ર-5 | હા |
| પ્ર-6 | ના |

ઉપયોગકર્તા – 15 શ્રી દેવાત જૈસત મકવાણા (35 વર્ષ)

| | |
|---|---|
| પ્ર-1 | હા હું આ ટેકનોલોજીનો એક મોટો સમર્થક છું. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | કોઇ માહિતી નથી |
| પ્ર-5 | હા મારા મતે તેની કિંમત પ્રત્યેક વ્યક્તિ માટે વ્યાજબી ગણી શકાય |
| પ્ર-6 | ના |

ઉપયોગકર્તા – 16 શ્રી બચુભાઇ વિચાલભાઇ ચાવડા (60 વર્ષ)

| | |
|---|---|
| પ્ર-1 | હા આ આયોજન બાદ અમારા ગામમાં જીવન વધુ સરળ અને સુખમય બન્યુ છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | હા |
| પ્ર-5 | હા |
| પ્ર-6 | ના |

ઉપયોગકર્તા – 17 શ્રી મેઘાર ભીમાભાઇ મકવાણા (52 વર્ષ)

| | |
|---|---|
| પ્ર-1 | હા આ એક અત્યંત લાભદાયી ટેકનોલોજી છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | આ સિધ્ધ બાદ હવે અમે ગંદા પાણીનું શુધ્ધિકરણ થઇ શકે તેવા આયોજન હાથ ધરવા વિચારી રહ્યા છે. અને આ અભિયાન ચાલુ રાખવા માંગીએ છીએ. |
| પ્ર-5 | હા |
| પ્ર-6 | કોઇ દુરુપયોગ જણાયેલ નથી. પરંતુ જો એવો કોઇ કિસ્સો નોંધાય તો, અમારી પાસે શિક્ષાત્મક તેમજ અન્ય જોગવાઇઓ ઉપલબ્ધ છે. |

ઉપયોગકર્તા – 18 શ્રી હુસૈન અહેમદ (60 વર્ષ)

| | |
|---|---|
| પ્ર-1 | હા. આ એક શ્રેષ્ઠ ટેકનોલોજી છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | આ સિધ્ધિ દ્વારા, ગ્રામજનોના કોઇ ભાવિ તથા સહકારી કાર્યો અંગે દિશાસૂચન મળી રહેશે. |
| પ્ર-5 | હા |
| પ્ર-6 | ના |

ઉપયોગકર્તા – 19 શ્રી પાંચા હીરા રબારી (38 વર્ષ)

| | |
|---|---|
| પ્ર-1 | આ ટેકનોલોજીના કારણે અમને ઘણા લાભો મળી રહ્યા છે જેમકે,<br>1. સમયની બચત<br>2. સ્વચ્છતા |

| | |
|---|---|
| | 3. નિયમિત અને એકસમાન પાણી પુરવઠાની પ્રાપ્તિ |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | હવે પછી, ખેતી માટેના પાણીના પ્રશ્નો પણ સહકારી પ્રયાસથી ઉકેલી શકાશે તેવી આશા રાખીએ છીએ |
| પ્ર-5 | હા. પરંતુ કેટલાક ગરીબ વ્યક્તિઓ માટે, આ કિંમત ઘટાડી શકાય. જે આ આયોજનમાં સ્ત્રીઓ અને બાળકો માટે કોઇ દર રાખવામાં આવ્યો નથી તેમ છતાં કેટલાક વ્યક્તિઓ માટે તેની કિંમત વધારે છે. |
| પ્ર-6 | ના |

ઉપયોગકર્તા – 20 શ્રીમતી પુરીબેન હોરા રબારી (62 વર્ષ) ∩ ટ્યુબ નં-24

| | |
|---|---|
| પ્ર-1 | હા, એકદમ યોગ્ય છે અને અમારી આવશ્યકતા પ્રમાણે બંધ બેસતી વ્યવસ્થા છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |
| પ્ર-4 | ના |
| પ્ર-5 | હા |
| પ્ર-6 | ના |

ઉપયોગકર્તા – 21 શ્રીમતી જીવીબેન બિમાભાઇ વાઘરી (35 વર્ષ)

| | |
|---|---|
| પ્ર-1 | આ આયોજન બદલ આભાર માનવી માટે મને કોઇ શબ્દો જડતા નથી. લોકોને હવે પાણીનું મુલ્ય સમજાય છે અને તેથી પાણીનો બગાડ પણ અટકયો છે તે એક અદભુત સિધ્ધિ છે. |
| પ્ર-2 | હા |
| પ્ર-3 | ના |

| | |
|---|---|
| પ્ર-4 | વધુ ને વધુ આવી આયોજનો હાથ ધરીને, ગામડાઓએ આપણને વિકાસ સાધવો જોઇએ. |
| પ્ર-5 | હા |
| પ્ર-6 | ના |